**પરીપત્ર:**

**વિષય: ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત રજીસ્ટ્રેશન બાબત**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓ/ખેલાડીઓમાં રહેલ સુષુપ્ત શકિત બહાર આવે તે હેતુથી દર વર્ષની જેમ ચાલુ વર્ષ ખેલ મહાકુંભ ૨.૦નું આયોજન કરવામાં આવનાર છે. ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું શાળા/ગ્રામ્ય, તાલુકા/ઝોન, જિલ્લા/ મહાનગરપાલિકાકક્ષાએ અને છેલ્લે રાજયકક્ષાએ સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવનાર છે. આ ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વધુમાં વધુ ભાગ લે તે અંગે પ્રોત્સાહીત કરવા અનુરોધ કરવામાં આવે છે.

**કો–ઓર્ડીનેટર**

ક્રમાંક:બીકેએનએમયુ/શા.શિ./૩૧૨/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા,જુનાગઢ.
તા.૧૭/૧૦/૨૦૨૩

**પ્રતિ,**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:**

- માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
- સીસ્ટમ મેનેજરશ્રી, આઈ.ટી. વિભાગ (જરૂરી કાર્યવાહી અર્થે)

રમશે ગુજરાત... જીતશે ગુજરાત...

# ખેલ મહાકુંભ 2.0

## સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
## જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર – જુનાગઢ
## સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ગાંધીગ્રામ – જુનાગઢ





**ઓનલાઇન રજિસ્ટ્રેશન તથા વધુ વિગતો માટે**

**વેબસાઈટ : https://khelmahakumbh.gujarat.gov.in / ટોલ ફ્રી : 1800 274 6151**

રમશે ગુજરાત

**સ્પોર્ટ્સ ઑથોરીટી ઓફ ગુજરાત**

રમત - ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર

જીતશે ગુજરાત

# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
# જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર – જુનાગઢ
# સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ગાંધીગ્રામ – જુનાગઢ

# ખેલ મહાકુંભ ૨.૦


શ્રી ગૌરાંગ એચ. નરે

જીલ્લા રમત વિકાસ અધિકારી

જુનાગઢ

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષ ખેલમહાકુંભ ૨.૦ નું આયોજન હાથ ધરવામાં આવનાર છે.
જેમા શાળા/ગ્રામ્ય,તાલુકા/ઝોનકક્ષા, જીલ્લા/મહાનગરપાલિકાકક્ષા, ઝોનકક્ષા અને છેલ્લે રાજ્યકક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

માન. મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ખેલ મહાકુંભ ૨.૦ રજીસ્ટ્રેશનનો કર્ટઈન રેઇઝર ઇવેન્ટ દ્વારા પ્રારંભ કરવામાં આવેલ છે.

તા. ૨૩/૦૯/૨૦૨૩



# ખેલ મહાકુંભ – ૧૧ માં કરેલ કામગીરી

(૧) ખેલ મહાકુંભ – ૧૧ માં જુનાગઢ જીલ્લામાં ૨,૫૦,૦૦૦ જેટલું રજીસ્ટ્રેશન કરી રાજ્યમાં પ્રથમ ક્રમે રહેલ.

(૨) ખેલ મહાકુંભ – ૧૧ માં જુનાગઢ જીલ્લાને આપવામાં ટારગેટ ૨,૨૧,૦૦૦ હતો. તેમ છતા ૨,૫૦,૦૦૦ રજીસ્ટ્રેશન કરી સમગ્ર રાજ્યમાં જુનાગઢ જિલ્લો પ્રથમ રહેલ.

(૩) જેમાં જુનાગઢ જીલ્લા વહીવટી તંત્ર, જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના સ્ટાફ, દરેક રમતના એસોસિએશન, સંસ્થાઓ, વગેરે ના સહયોગથી કામગીરી સરળ રહી હતી.

(૪) જીલ્લાના તમામ આચાર્યશ્રી, વ્યાયામ શિક્ષકશ્રી, SAG ટ્રેનર – કોચ વગેરે એ પોતાની શાળાનું રજીસ્ટ્રેશન પૂર્ણ થતા નજીકની અન્ય શાળાઓની રૂબરૂ મુલાકાત લઇ રજીસ્ટ્રેશન માટે પ્રોત્સાહિત કરેલ.

## વર્ષ ૨૦૨૨-૨૩ જુનાગઢ જીલ્લામાં ખેલ મહાકુંભ ૧૧ માં રજીસ્ટ્રેશન

| ક્રમ | ડિસ્ટ્રિક્ટ | રજીસ્ટ્રેશન |
|---|---|---|
| ૧ | જુનાગઢ ગ્રામ્ય | ૨,૨૧,૬૬૦ |
| ૨ | જુનાગઢ મહાનગરપાલિકા | ૧,૦૮,૪૦૬ |

# <u>ખેલ મહાકુંભ ૨.૦ માં રજીસ્ટ્રેશનની કામગીરી</u>

(૧) તારીખ:- ૨૩-૦૯-૨૦૨૩નાં રોજ ખેલ મહાકુંભ ૨.૦ માટે કર્ટેન રેઈઝર કાર્યક્રમ યોજવામાં આવેલ હતો એમાં જીલ્લામાં કાર્યરત તમામ શાળાઓમાં એ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવેલ.

(૨) વડીકચેરીના આદેશ મુજબ જીલ્લામાં કાર્યરત કુલ – ૧૧ ઇનસ્કુલ અને ૨ – **DLSS** માં ૧૦૦% રજીસ્ટ્રેશન પૂર્ણ કરેલ છે.

(3) ઇનસ્કુલ અને **DLSS** ના ટ્રેનર અને કોચ તમામને જીલ્લાના અલગ – અલગ તાલુકામાં અને મહાનગરપાલિકામાં અલગ – અલગ ઝોનમાં કામગીરી સોંપવામાં આવેલ છે. જેમાં સરેરાશ ૫ શાળાઓની રૂબરૂ મુલાકાત લઇ ૫૦૦૦ જેટલું રજીસ્ટ્રેશન કરેલ તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ અને શાળાના આચાર્ય સાથે પ્રતિદિન અપડેટ લેવામાં આવે છે.

(૪) ખેલમહાકુંભ ૨.૦ માં પણ ગ્રામ્ય/તાલુકા તથા છેવાડાના વિસ્તારના બાળકો પણ લાભ લઇ શકે તે માટે ટ્રેનર/કોચ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવામાં આવે છે.

(૫) ખેલમહાકુંભ ૧૧ ની જેમ રજીસ્ટ્રેશન બાબતે ગુજરાતમાં પ્રથમ નંબર રહેલ તેવીજ રીતે આ વર્ષ પણ પ્રથમ નંબરે રહે તેવા સંપૂર્ણ પ્રયાસો કરવામાં આવશે.

# ચાલુ વર્ષ જુનાગઢ જીલ્લામાં ખેલમહાકુંભ ૨.૦ માં રજીસ્ટ્રેશન ટાર્ગેટની યાદી

| ક્રમ | ડિસ્ટ્રિક્ટ | રજીસ્ટ્રેશન |
|---|---|---|
| ૧ | જુનાગઢ ગ્રામ્ય | ૨,૩૯,૩૯૩ |
| ૨ | જુનાગઢ મહાનગરપાલિકા | ૧,૧૭,૦૭૮ |

## વર્ષ ૨૦૨૨-૨૩ જુનાગઢ જીલ્લામાં ખેલ મહાકુંભ ૧૧ માં રજીસ્ટ્રેશન

| ક્રમ | ડિસ્ટ્રિક્ટ | રજીસ્ટ્રેશન |
|---|---|---|
| ૧ | જુનાગઢ ગ્રામ્ય | ૨,૨૧,૬૬૦ |
| ૨ | જુનાગઢ મહાનગરપાલિકા | ૧,૦૮,૪૦૬ |

# શાળા અને ગ્રામ્ય કક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત | રમત સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | 30 મી. દોડ અને સ્ટેન્ડિંગ બ્રોડજમ્પ | ૨ |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | 30 મી. દોડ અને સ્ટેન્ડિંગ બ્રોડજમ્પ | ૨ |
| ૩ | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, વોલીબોલ, ખોખો, કબડ્ડી | ૪ |
| ૪ | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી | ૫ |
| ૫ | ઓપન એજ ગ્રુપ | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી | ૫ |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ | ૧ |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ | ૧ |

# તાલુકા કક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત | રમત સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧૧ વર્ષથી નીચે | ચેસ | ૧ |
| ૨ | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન | 3 |
| ૩ | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન | 3 |
| ૪ | ઓપન એજ ગ્રુપ | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન | 3 |
| ૫ | ૪૦ વર્ષથી ઉપર | ચેસ | ૧ |
| ૬ | ૬૦ વર્ષથી ઉપર | ચેસ | ૧ |

# જીલ્લા કક્ષાએથી શરુ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત | રમત સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧૧ વર્ષથી નીચે | એથ્લેટીકસ, સ્વીમિંગ, સ્કેટિંગ, ટેબલ ટેનિસ, લોન ટેનિસ, બેડમિન્ટન | ૬ |
| ૨ | ૧૪ વર્ષથી નીચે | સ્વીમિંગ, સ્કેટિંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનિસ, લોનટેનિસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો, કરાટે, આર્ટિસટીક સ્કેટિંગ | ૧૫ |
| ૩ | ૧૭ વર્ષથી નીચે | સ્વીમિંગ, સ્કેટિંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનિસ, લોનટેનિસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો, કરાટે, યોગાસન, રગ્બી | ૧૬ |
| ૪ | ઓપન એજ ગ્રુપ | સ્વીમિંગ, સ્કેટિંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનિસ, લોનટેનિસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો, કરાટે, યોગાસન, રગ્બી, આર્ટિસટીક સ્કેટિંગ, શૂટિંગબોલ, | ૧૮ |
| ૫ | ૪૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનિસ, લોન ટેનિસ, સ્વીમિંગ, શૂટિંગબોલ | ૫ |
| ૬ | ૬૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનિસ, લોન ટેનિસ, સ્વીમિંગ | ૪ |

# સીધી રાજ્ય કક્ષાએથી શરૂ થતી સ્પર્ધા

| ક્રમ | વયજુથ | રમત | રમત સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧૧ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટિંગ | ૨ |
| ૨ | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીકસ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ફેનસીંગ, બોક્સીંગ, શૂટિંગ, ટેકવેન્ડો, જિમ્નાસ્ટીકસ, સ્કેટિંગ, મલખમ્બ, સ્પોટ્ર્સ કલાઈમીંગ, રોલબોલ, સેપક ટકરાવ | ૧૫ |
| 3 | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીકસ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ટેકવેન્ડો, વેઇટલીફટિંગ, બોક્સીંગ, શૂટિંગ, જિમ્નાસ્ટીકસ, સ્કેટિંગ, મલખમ્બ, સોફ્ટ ટેનીસ, સ્પોટ્ર્સ કલાઈમીંગ, રોલબોલ, સેપક ટકરાવ, વુડ બોલ, ફેનસીંગ | ૧૮ |
| ૪ | ઓપન એજ ગ્રુપ | એથ્લેટીકસ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, જિમ્નાસ્ટીકસ, સાયકલિંગ (૨૦ કી. મી.), શૂટિંગ, સ્કેટિંગ, વેઇટલીફટિંગ, ફેનસીંગ, મલખમ્બ, સોફ્ટ ટેનીસ, સ્પોટ્ર્સ કલાઈમીંગ, ઘોડેસવારી, વુડ બોલ, બીચ હેન્ડબોલ, બીચ વોલીબોલ | ૧૮ |
| ૫ | ૪૦ અને ૬૦ વર્ષથી ઉપર | યોગાસન | ૧ |

# સ્પર્ધાના સામાન્ય નિયમો

- જે કક્ષાએથી સ્પર્ધા શરૂ થાય ત્યાં ટીમ રમતમાં માત્ર એક જ શાળાના વિદ્યાર્થીઓની ટીમ હોવી જોઈએ જેના આચાર્ય અને શાળાનો કોડ નંબર એક હોવો જોઈએ અને બોનાફાઈડવિદ્યાર્થીઓ હોવા જોઈએ.
- રજિસ્ટ્રેશન કરતી વખતે જેતે ખેલાડીએ જન્મ તારીખ સાચી દર્શાવવાની રહેશે. જન્મ તારીખ ખોટી દર્શાવી રજિસ્ટ્રેશન થયેલ હશે તો તે ખેલાડી ખેલ મહાકુંભની સ્પર્ધામાં ૩ વર્ષ સુધી ભાગ લઈ શકશે નહીં.
- **કોઈ પણ રમતવીર કોઈ પણ એક જિલ્લામાંથી બે જ રમતમાં ભાગ લઈ શકશે.**
- રજિસ્ટ્રેશનની કોઈ પણ સમસ્યા બાબતે રાજ્ય સ્તરે **ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧** ઉપર સંપર્ક કરવાથી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.
- ખેલાડી ગુજરાત રાજયનો જન્મથી વતની હોવો જોઈએ અથવા ગુજરાત રાજયમાં છેલ્લા બે વર્ષથી અભ્યાસ/ નોકરી/વ્યવસાય/ નિવાસ કરતો હોવો જોઈએ. જેના આધાર પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.
- જે ખેલાડી જે જિલ્લામાં ભાગ લે તે જિલ્લામાં નિવાસ /વ્યવસાય છેલ્લા ૬ માસથી કરતો હોવો જોઈએ તેમજ તેના આધાર-પુરાવા કે પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.
- શાળામાં/કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ્યાં  અભ્યાસ કરતાં હોય તે તાલુકા/જિલ્લામાંથી ભાગ લઈ શકશે
- કર્મચારીના કિસ્સામાં અન્ય રાજયમાંથી બદલી / ડેપ્યુટેશનથી આવેલ કર્મચારીએ રજિસ્ટ્રેશનની તારીખે ઓછામાં ઓછા છ માસ પહેલા બદલી થઈને ગુજરાતમાં જે તે જિલ્લામાં આવેલ હોય તોજ ભાગ લઇ શકશે.

ખેલ મહાકુંભ એ સરકારશ્રીના  રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ફ્લેગશીપ કાર્યક્રમ હોઈ તેને સફળ બનાવવા  અસરકારક આયોજન અને અમલીકરણ કરવા આ પરિપત્રની સુચનાનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

# તાલુકા,જીલ્લા અને રાજ્યકક્ષાના વિજેતા ખેલાડીઓને ચુકવવાપાત્ર રોકડ પુરસ્કાર

| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ. | ટીમ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ખેલાડીઓ | તાલુકાકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૦૦૦ | ૭૫૦ |
| | | | તૃતીય | ૭૫૦ | ૫૦૦ |
| | | જીલ્લાકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતીય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતીય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | રાજ્યકક્ષા | પ્રથમ | ૧૦૦૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતીય | ૭૦૦૦ | ૩૦૦૦ |
| | | | તૃતીય | ૫૦૦૦ | ૨૦૦૦ |

# તાલુકા, જીલ્લા અને રાજ્યકક્ષાની
# શ્રેષ્ઠ શાળાને ચુકવવાપાત્ર રોકડ પુરસ્કાર

| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | પુરસ્કાર |
|---|---|---|---|---|
| ૧ | શાળા | તાલુકાકક્ષા | પ્રથમ | ૨૫૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૫૦૦૦ |
| | | | તૃતીય | ૧૦૦૦૦ |
| ૨ | શાળા | જીલ્લાકક્ષા | પ્રથમ | ૧૫૦૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૦૦૦૦૦ |
| | | | તૃતીય | ૭૫૦૦૦ |
| ૩ | શાળા | રાજ્યકક્ષા | પ્રથમ | ૫૦૦૦૦૦ |
| | | | દ્વિતીય | ૩૦૦૦૦૦ |
| | | | તૃતીય | ૨૦૦૦૦૦ |

# રાજ્યકક્ષાના વિજેતા ખેલાડીઓના કોચને ચુકવવાપાત્ર રોકડ પુરસ્કાર

| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ. | ટીમ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | કોચ | રાજ્યકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૨૦૦ | ૭૫૦ |
| | | | તૃતીય | ૯૦૦ | ૫૦૦ |

# આભાર

SPORTS AUTHORITY OF GUJARAT